# જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, મોરબી.

**પી.સી.જોષી**
ચેરમેન અને મુખ્ય જીલ્લા ન્યાયાધીશ

**બી.એસ.ગઢવી**
પૂર્ણકાલીન સચિવ,
(અધિક સીની.સિવિલ જજ અને એડી.ચીફ જ્યુડી.મેજી.)

ફોન નં.(ઓ.):- ૦૨૮૨૮-૨૪૨૬૧૪

ઈ-મેઈલ: dlsa.morbi@yahoo.com

જાવક નં....૬૯...... સને ૨૦૨૩.
તારીખ :- ૧૬.૦૯.૨૦૨૩.

## પેરા લીગલ વોલન્ટીયર્સની નિયુકતી માટેની જાહેરાત

ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદના નિર્દેશાનુસાર જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, મોરબી દ્વારા મોરબી જીલ્લાની ગ્રામ પંચાયત કચેરી, પોલીસ સ્ટેશનો, જેલ તથા સ્થાનિક સંસ્થાઓમાં કાનૂની સેવા કેન્દ્રોની સ્થાપના માટે તેમજ કાનૂની સેવા કાર્યક્રમોના આયોજન માટે તેમજ કાનૂની જાગૃતિના પ્રચારના હેતુ માટે પેરા લીગલ વોલન્ટીયર્સ (પી.એલ.વી.) ની નિયુકતી કરવાની છે. આ ઉપરાંત રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળ દ્વારા સમાજના વિભિન્ન નબળા વર્ગોના કલ્યાણ માટે ચાલુ યોજનાઓના અમલીકર માટે પણ પી.એલ.વી. ની નિયુકતી રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળ દ્વારા બહાર પાડવામાં આવેલ Scheme for Para-Legal Volunteers (Revised) & NALSA (Legal Services Clinics in Universities, Law Colleges and other Institutions) Scheme, 2013 માં આપવામાં આવેલ દિશાનિર્દેશો મુજબ તથા ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા આપવામાં આવેલ નિર્દેશો મુજબ કરવામાં આવશે.

પેરા લીગલ વોલન્ટીયર્સ જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળના નિર્દેશો મુજબ કાર્ય કરશો. પેરા લીગલ વોલન્ટીયર્સ કાનૂની સેવા કલીનીકનું સંચાલન કરશે તથા સામાન્ય લોકો તથા કાનૂની સેવાકીય સંસ્થાઓ વચ્ચે એક કડીના સ્વરુપે કાર્ય કરશે. પ્રત્યેક પેરા લીગલ વોલન્ટીયરને પ્રતિ કાર્ય દિવસ માટે રૂ.૨૫૦/- નું માનદ વેતન વાસ્તવિક કાર્ય કરેલ હોવાના આધાર ઉપર ચુકવવામાં આવશે. આ સિવાય અન્ય કોઈપણ પ્રકારનું મહેનતાણું કે ચુકવણું ચુકવવામાં આવશે નહિં.

### (૧) શૈક્ષણિક લાયકાત :-

ઉમેદવાર સામાન્ય રીતે ગુજરાત રાજય માધ્યમિક શિક્ષણ બોર્ડની સેકન્ડરી પરીક્ષા કલા, વાણીજય અને વિજ્ઞાનમાં અથવા સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત સમકક્ષ પરીક્ષા પાસ કરેલ

હોવી જોઈએ. અરજદારને દેવનગરી ગુજરાતી લીપીમાં ગુજરાતી લખવાની તથા વાંચવાની સારી એવી વ્યાપક જાણકારી તેમજ ક્ષમતા હોવી જોઈએ.

**(૨) <u>આવેદન પત્ર (અરજી ફોર્મ) :-</u>**

આ ભરતીના હેતુ માટે અરજદારે આ જાહેરાત સાથે આપેલ નમૂના મુજબ આવેદનપત્ર (અરજી ફોર્મ) રજૂ કરવાનું રહેશે.

**<u>જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, મોરબી તથા તાલુકા કાનૂની સેવા સમિતિ, મોરબી ખાતે પી.એલ.વી. તરીકે ફરજ બજાવતા પી.એલ.વી.એ પણ તેઓ પી.એલ.વી. તરીકે કામ ચાલુ રાખવા માંગતા હોય તો તેઓએ પણ નિયત નમુના મુજબની અરજી કરવાની રહેશે.</u>**

**(૩) <u>અરજીની સાથે નીચે લખેલ આધારો પ્રસ્તુત કરવા :-</u>**

(ક) જન્મતારીખના પ્રમાણપત્રની પ્રમાણીત નકલ.
(ખ) શૈક્ષણિક લાયકાતના (છેલ્લા અભ્યાસક્રમની) પ્રમાણપત્રની પ્રમાણિત નકલ.
(ગ) બે ચારિત્ર અંગેના પ્રમાણપત્ર (તારીખ સહીત) કે જે છ માસથી જુના ન હોવા જોઈએ.
(ઘ) અરજી ઉપર પાસપોર્ટ સાઈઝનો નવો ફોટો લગાડેલ હોવો જોઈએ.
(ચ) જાતિના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ.

**(૪) <u>અરજી કરવાની અંતિમ તારીખ :-</u>**

અરજી આ કચેરીમાં **<u>તા.૦૫.૧૦.૨૦૨૩</u>** સુધીમાં વ્યકિતગત રીતે અથવા ટપાલ મારફતે કચેરી સમય સુધીમાં મળી જવી જોઈએ. નિયત કરેલ તારીખ પછી મળેલ અરજીઓ પર કોઈ વિચારણા કરવામાં આવશે નહિં. અપૂરતી અરજીઓ અથવા ક્ષતિયુકત અરજીઓ ઉપર કોઈ વિચારણા કરવામાં આવશે નહિં.

**(૫) <u>પાત્રતા :-</u>**

પી.એલ.વી. ની પસંદગી કરતી વખતે જો જરુરીયાતથી વધારે અરજીઓ પ્રાપ્ત થશે તો અરજીઓનું શોર્ટલીસ્ટીંગ કરી, ઉમેદવારોને મૌખિક ઈન્ટરવ્યુ માટે બોલાવવામાં આવશે. પી.એલ.વી. ની પસંદગી માટે અનુસૂચિત જાતિ / અનુસૂચિત જનજાતિ તથા અન્ય પછાત વર્ગના ઉમેદવારોના સંબંધમાં પણ સુનિશ્ચિત કરવામાં આવશે તેમજ મહિલાઓને પ્રાથમિકતા આપવામાં આવશે.

**<u>નીચે જણાવેલ વ્યકિતઓ પણ પી.એલ.વી. બનવા માટે અરજી કરી શકે છે :</u>**

(૧) શિક્ષક,
(૨) નિવૃત શિક્ષક,
(૩) નિવૃત સરકારી કર્મચારી,
(૪) વરિષ્ઠ નાગરીક,
(૫) એમ.એસ.ડબલ્યુના વિદ્યાર્થી તેમજ અધ્યાપક,
(૬) આંગણવાડી કાર્યકર્તા,

(૭) ડોકટર / ફીજીશીયન,

(૮) વિદ્યાર્થી તેમજ કાયદાના વિદ્યાર્થી (જ્યાં સુધી તેઓ વકીલાત માટે એનરોલ ન થાય ત્યાં સુધી),

(૯) સેવાકીય પ્રવૃતિઓ સાથે સંકળાયેલ એન.જી.ઓ. અથવા કલબના સભ્યો,

(૧૦) મહિલા ગ્રુપ / મૈત્રી સંગમ/સ્વંય સહાયતા સમૂલના સભ્યો,

(૧૧) શિક્ષિત કેદી કે જેઓ સારો વ્યવહાર હોય અને લાંબા સમયથી સજા ભોગવતો હોય,

(૧૨) અન્ય કોઈ વ્યકિત કે જેને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ અથવા તાલુકા કાનૂની સેવા સમિતિ સક્ષમ અને યોગ્ય સમજે.

## (૬) <u>પસંદગી પામેલ પી.એલ.વી. ની ફરજો (ડયુટી) :–</u>

**(ક)** સમાજના નબળા વર્ગના લોકોને તેઓના કાનૂની અધિકારોથી જાણકાર કરવા.

**(ખ)** સામાન્ય નાગરીકોને તેઓના કોર્ટના કેસો અંગે વૈકલ્પીક તકરાર નિવારણ માધ્યમો જેવા કે લોક અદાલત, મધ્યસ્થીકરણ, લવાદ, કન્સીલીએશન, ન્યાયિક સમાધાન બાબતે જાણકારી આપવી.

**(ગ)** પી.એલ.વી.એ તેઓના ક્ષેત્રમાં થતાં કાર્યો ઉપર નજર રાખવી તેમજ અન્યાય થતો હોવાની સ્થિતિમાં, જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળને લેખિત કે મૌખિકમાં જાણ કરવી.

**(ઘ)** જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ અથવા તાલુકા કાનૂની સેવા સમિતિ દ્વારા અધિકૃત કર્યેથી પી.એલ.વી.એ. જેલ, લોક–અપ, મનોચિકિત્સક હોસ્પિટલ, ચિલ્ડ્રન હોમ/ઓબ્જર્વેશન હોમ વિગેરેની મુલાકાત લેવાની રહેશે તેમજ તેમાં રહેલ ઈન્મેટને કાનૂની અધિકારોથી વાકેફ કરવાના રહેશે.

**(ચ)** બાળકોના અધિકારો, બાળમજૂરી, બાળકોનું ગુમ થવું, સ્ત્રીઓના ગેરકાયદેસર રીતે થતા વ્યાપાર સંબંધેના કાનૂનોનું ઉલ્લંઘન થાય ત્યારે તે અંગેની માહિતી નજીકની કાનૂની સેવા સંસ્થાને આપવી.

**(છ)** વિવાદોનું નિરાકરણ, પ્રી–લીટીગેશન, લોક અદાલત, મધ્યસ્થીકરણ, મીડીએશન અંગે માહિતિ આપવી તેમજ તેની ઉપયોગીતા સમજાવવી.

**(જ)** પી.એલ.વી.એ જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ તેમજ તાલુકા કાનૂની સેવા સમિતિ દ્વારા આપવામાં આવતી મફત કાનૂની સહાયની જાણકારી તેમના ક્ષેત્રના લોકોને આપવી તેમજ કાનૂની જાગૃતિ કાર્યક્રમો તેમજ શિબિરો કરવી.

**(ઝ)** જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા વિભિન્ન યોજનાઓ સંબંધે જે જે પેમ્ફલેટ તેમજ ચોપાનીયા વિગેરે પી.એલ.વી.ને આપવામાં આવશે તેનો પ્રચાર અને પ્રસાર કરવાનો રહેશે.

**<u>નોંધ</u> :-- <u>નિમ્નલિખિત વ્યકિતઓ પેરા લીગલ વોલન્ટીયર્સ તરીકે અરજી કરવાપાત્ર થતા નથી :</u>**

વકીલ, રાજકીય સંગઠનો સાથે સક્રિયરુપે જોડાયેલ વ્યકિત, રાજયકીય સં ગઠનો સાથે જોડાયેલ એન.જી.ઓ.ના કાર્યકર્તા, કોઈપણ ગુન્હા માટે દોષિત થયેલ વ્યકિત અથવા એવો કોઈપણ વ્યકિત કે જે માનસિક રીતે પેરા–લીગલ વોલન્ટીયર તરીકે કામ કરવા

અસક્ષમ હોય, કોઈપણ વ્યકિત કે જેના વ્યકિતગત હિત પેરા લીગલ વોલન્ટીયર સ્કીમના હિતોને કોઈપણ રીતે પ્રભાવિત કરતા હોય.

પી.એલ.વી.ની નિમણુંક તથા હકાલપટ્ટીના સંબંધીત સંપૂર્ણ અધિકાર અધ્યક્ષ, જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, મોરબીની પાસે સુરક્ષિત રહેશે.

**<u>સ્પષ્ટીકરણ</u> :–**

પસંદગી પામેલ પી.એલ.વી.ને જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, મોરબી દ્વારા સમયે સમયે નિયત (ફીક્સ) માનદ વેતનના સિવાય અન્ય કોઈપણ પ્રકારનું કોઈ વેતન, મહેનતાણું અથવા પેકેજ આપવામાં આવશે નહિં.

સ્થળ :– મોરબી.
તારીખ :– ૧૬.૦૯.૨૦૨૩.

**( પી. સી. જોષી )**
ચેરમેન,
જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ,
મોરબી.

**<u>બહોળી પ્રસિધ્ધિ માટે જરુરી કાર્યવાહી થવા તથા જાણકારી માટે નકલ સવિનય રવાના :–</u>**

(૧) માનનીય સભ્ય સચિવશ્રી,
ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદ.
(૨) જીલ્લા મેજીસ્ટ્રેટ અને કલેકટરશ્રી, કલેકટર કચેરી, મોરબી.
(૩) જીલ્લા વિકાસ અધિકારી, જીલ્લા પંચાયત, મોરબી.
(૪) રજીસ્ટ્રારશ્રી, જીલ્લા ન્યાયાલય, મોરબી.
(૫) રજીસ્ટ્રારશ્રી, સૌરાષ્ટ્ર યુનિર્વસીટી, મોરબી.
(૬) અધ્યક્ષશ્રી, તાલુકા કાનૂની સેવા સમિતિ, મોરબી.
(૭) જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, (માઘ્યમિક અને પ્રાથમિક), મોરબી.
(૮) અધિક્ષકશ્રી, સબ જેલ, મોરબી.
(૯) જીલ્લા રોજગાર અધિકારી, મોરબી.
(૧૦) એમ.વી.એમ., નવયુગ કોલેજ,
મોરબી.

# પેરા લીગલ વોલન્ટીયર (પી.એલ.વી.) ની નિમણુંક માટેના આવેદન પત્રનો નમૂનો

અરજી નં.______________
(કચેરીના ઉપયોગ માટે)

ઉમેદવારનો
નવીનતમ
પાસપોર્ટ સાઈઝનો
કલર ફોટોગ્રાફ

| | | |
|---|---|---|
| ૧ | ઉમેદવારનું નામ | |
| ૨ | પિતા/પતિનું નામ | |
| ૩ | ઉમેદવારના પતિ/પત્નીનું નામ (જો પરિણિત હોય તો) (જો ઉમેદવાર અપરીણિત હોય તો અપરીણીત લખે) | |
| ૪ | જાતિ | |
| ૫ | વર્ગ :- (સામાન્ય / અનુ.જા./અનુ.જન./ સા.શૈ.પછાત વર્ગ) | |
| ૬ | કાયમી સરનામુ,<br>ટેલીફોન નંબર / મોબાઈલ નંબર | |
| ૭ | હાલનું સરનામુ,<br>ટેલીફોન નંબર / મોબાઈલ નંબર | |
| ૮ | જન્મ તારીખ (અંકમાં અને શબ્દોમાં) | |
| ૯ | જો ઉમેદવાર સેવાનિવૃત કર્મચારી હોય તો કયા પદ ઉપરથી સેવાનિવૃત થયેલ છે તે જણાવવુ. | |
| ૧૦ | ઉમેદવાર વિરુધ્ધ કોઈ ફોજદારી પ્રકરણ ચાલુ છે કે કેમ ? જો ચાલુ હોય તો સંપૂર્ણ વિગતો આપવી. | |
| ૧૧ | ઉમેદવાર પી.એલ.વી. તરીકે અગાઉ કાર્ય કરેલ હોય કે પી.એલ.વી. તરીકે કાર્ય હાલમાં કરતા હોય તો તે જગ્યાની વિગત આપવી. | |
| ૧૨. | વર્તમાન સમયમાં ઉમેદવાર કોઈ સંસ્થા, એન.જી.ઓ. અથવા કોઈ વિશેષ સંગઠન સાથે જોડાયેલ હોય તો તેની વિગતો આપવી. | |

સ્થળ :-
તારીખ :-

(ઉમેદવારની સહી)

હું_______________________________________સત્ય પ્રતિજ્ઞા ઉપર જાહેર કરું છું કે મેં લખેલ ઉપરોકત તમામ વિગત મારી જાણકારી મુજબ સત્ય અને ખરી છે.

સ્થળ :-
તારીખ :-

(ઉમેદવારની સહી)